# ... ઠેરઠેર ખોદાયેલા ખાડાઓથી બીએસએનએલનુ નેટવર્ક ઠપ્પ

## વરસાદી પાણીના નિકાલ માટેની શહેરમાં નંખાઈ રહેલી પાઈપલાઈનના કારણે લેન્ડલાઈન ફોન અને બ્રોડ બેન્ડ કનેક્શનની ૮૦ ટકા લાઈનો બંધ

ગાંધીનગર, તા. ૧૮
બીએસએનએલના ગ્રાહકો હાલમાં પેટ ભરીને પસ્તાઈ રહ્યા છે. બ્રોડબેન્ડ કનેક્શન માટે પૈસા ભર્યા હોવા છતાં નવી ટેકનોલોજી અપગ્રેડ કરાવી હોવા છતાં બીએસએનએલ બ્રોડબેન્ડ અને લેન્ડલાઈનની મોટાભાગની લાઈનોમાં કંઈને કંઈ પ્રોબ્લેમ્સ આવી રહ્યા છે. ગ્રાહકો બિચારા ફરીયાદ કરી કરીને થાકી ગયા છે પણ ફરીયાદોનું કોઈ નિવારણ આવતુ નથી.

ગાંધીનગરમાં વિકાસના કાર્યોની જાણે દોડ ચાલી રહી છે. શહેરને સ્માર્ટ બનાવવાની આંધળી દોડમાં શહેરને નવી સુવિધાઓ ક્યારે મળશે તેની જાણ નથી પરંતુ હાલમાં જે સુવિધાઓ કે સેવા મળવી જોઈએ તે મળતી નથી. શહેરમાં વારંવાર ઈલેક્ટ્રીક લાઈન, પાણીની લાઈન કે ગટરલાઈન નવી નાંખવા કે હયાત લાઈનોને અપગ્રેડ કરવા ખાડા ખોદવામાં આવે છે. અલગ અલગ એજન્સીઓ આ કામ કરે છે પરંતુ તેમની વચ્ચે સંકલનનો અભાવ હોવાથી કામગીરીમાં કોઈ ભલીવાર આવતો નથી. વરસાદી પાણીની પાઈપલાઈન તો આ વરસાદમાં વસાહતીઓ માટે સમસ્યાઓનો ઢગ ઉભો કર્યો છે. ખાડાઓ પડવાના કે ભૂવાઓ પડવાના અસંખ્ય બનાવો બન્યા હતા. પરંતુ આડેધડ ખોદાયેલા ખાડાઓના કારણે બીએસએનએલની લેન્ડલાઈન અને બ્રોડ બેન્ડનું કનેક્શન ખોરવાઈ ગયુ છે. બ્રોડબેન્ડ માટે તો મોટાભાગના ગ્રાહકોએ એડવાન્સ પેમેન્ટ કરી દીધા છે પરંતુ પૈસા ભર્યા પછી પણ તેઓને પસ્તાવવુ પડી રહ્યુ છે.

લાઈનોની દુરસ્તી અંગે ગ્રાહકોએ અનેકવાર બીએસએનએલમાં ફરીયાદો કરી છે પરંતુ અહી તેમને સાંભળનાર કોઈ નથી. ઓફિસોમાં કોઈ જવાબદાર અધિકારીઓ રહ્યા નથી. જે માણસો છે તે બધા જ કોન્ટ્રાક્ટવાળા છે. મોટાભાગની કામગીરી ખાનગી એજન્સીને સોંપાઈ હોવાથી ગ્રાહકોની ફરીયાદો દુર થતી નથી.



હાલમાં શાળા-કોલેજોનુ શિક્ષણ ઓનલાઈન ચાલી રહ્યું છે. આ સમયે ઈન્ટરનેટની જરૂરીયાત વધુ છે ત્યારે બીએસએનએલ બ્રોડબેન્ડની કનેક્ટીવીટી ન મળતાં મોટાભાગના ગ્રાહકોએ થાકી હારીને સર્વિસ પ્રોવાઈડર બદલી નાંખ્યા છે. ગ્રાહકોએ એડવાન્સ પૈસા ભર્યા હોવા છતાં વિવિધ એજન્સીઓ વચ્ચેના સંકલનના અભાવે ગ્રાહકોને ભોગવવુ પડી રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં દબાણો સામે તંત્ર એ લાલ આંખ કરવા માટે મન બનાવી લીધું છે.
- ગાંધીનગરની જાણીતી મધુર ડેરીના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણી બિનહરીફ થઈ છે. શંકરસિંહ રાણાની પેનલ વિજયી જાહેર કરાઈ છે.
- ગાંધીનગર શહેરમાં ચિકગુનિયાના કેસો વધ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ શરૂ કર્યું છે. તંત્રએ અત્યાર સુધીમાં નવ કેસ નોંધાયા હોવાનું સ્વીકાર્યું છે. સે-૮-બીમાં ચિકન-ગુનિયાની ફરિયાદો રહીશો દ્વારા થઈ રહી છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૭ હજારથી વધુ લોકોના કોરોના અંગેના ટેસ્ટ કરવામાં આવ્યા છે.
- જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ આજે કોવલડા ખાતે આવેલ કોવિડ કેર સેન્ટરની મુલાકાત લઈ દર્દીઓને મળી તેમને મળી રહેલ સારવાર, ભોજન સહિતની બાબતોની જાણકારી મેળવી હતી.
- વિધાનસભાનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું હોવાથી તંત્ર એ તે અંગેની તૈયારીઓને આખરી ઓપ આપવાનું શરૂ કર્યું છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




જુગાર અને દારૂનાં ગુનાના જેટલા આપવા હોય તેટલા આપજો પમ... માસ્ક નથી પહેર્યું તેના તો હજારથી ઓછો એક રૂપિયો નહીં ચાલે...!!

# રાજ્ય સરકાર નક્કી કરશે તે ફી સ્કૂલોએ સ્વિકારવી પડશે

## સ્કૂલ ફી વિવાદનો હાઈકોર્ટે નિકાલ કર્યો : આ પહેલા હાઈકોર્ટ દ્વારા સરકાર અને સંચાલકોને સાથે બેસીને ફી માળખું નક્કી કરવાનો આદેશ કરાયો હતો

ગાંધીનગર,તા.૧૮
ગુજરાતમાં શાળાઓની ફી મામલે ગુજરાત સરકાર તરફથી હાઈકોર્ટમાં કરવામાં આવેલી અરજીનો આજે હાઈકોર્ટે નિકાલ કર્યો છે. આ સાથે જ હાઈકોર્ટે કહ્યું છે કે, કોરોના કાળ દરમિયાન શાળાઓની ફી નક્કી કરવા માટે સરકાર પાસે પૂરી સત્તા છે. આ પહેલા હાઈકોર્ટે સરકાર અને સંચાલકોને સાથે બેસીને ફી માળખું નક્કી કરવાનો આદેશ કર્યો હતો. જોકે, સરકારની ભલામણ પ્રમાણેની ફી સ્વીકારવા માટે સંચાલકો તૈયાર ન હોવાથી ગુજરાત સરકાર ફરીથી હાઈકોર્ટમાં ગઈ હતી. સાથે જ હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે, રાજ્ય સરકાર પાસે સંપૂર્ણ સત્તા હોવા છતાં આ મુદ્દે કોર્ટમાં આવે છે તે દુઃખદ છે. આ મામલે વાલી મંડળના પ્રમુખ નરેશભાઈએ જણાવ્યું છે કે, ગુજરાત હાઈકોર્ટે આજે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. જે પ્રમાણે હાઈકોર્ટે સરકારને ફી નક્કી કરવાની છૂટી આપી દીધી છે. અમે સરકાર તરફથી જે પણ નિર્ણય લેવામાં આવશે તેને વધાવી લઈશું. જો સંચાલકો સરકારની વાત પણ નહીં માને તો આખા ગુજરાતના વાલીઓ આંદોલનના માર્ગે જશે અને મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજુઆત કરીને શાળાઓની માન્યતા રદ કરવાની માંગણી કરીશું. આ મામલે શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કરભાઈએ જણાવ્યું હતું કે, સરકાર જે પણ નિર્ણય લેશે તે અમને માન્ય રહેશે. રાજ્ય સરકાર પાસે અમાપ સત્તા છે. આ પહેલા એક બીજાને ખો આપવાની રમત ચાલી હતી. અમે વાલી મંડળનો પણ આભાર માનીએ છીએ કે તેઓ આખી ફી માફ કરવાને બદલે ૨૫ ટકા જ ફી માફી માંગી રહ્યા છે. રાજ્ય સરકારે હવે જરા પણ રાહ જોયા વગર જાહેરાત કરી દેવી જોઈએ. કોરોના કાળમાં સ્કૂલ અને કૉલેજો બંધ હોવાથી ગુજરાત વાલી સંચાલક મંડળે સ્કૂલોને ફીમાં રાહત આપવાની માંગણી કરી હતી. જોકે, સંચાલકો તૈયાર ન થતાં આ મામલે સંચાલક મંડળે રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરી હતી.

# કોલવડામાં આત્મહત્યાના દુષ્પ્રેરણ માટે આઠ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામના નાગરીકે ઘરે ગળફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં મૃતકના દિકરાએ ૮ શખ્સો સામે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો નોંધાયો છે. મૃતકે બે વ્યકિતઓ પાસેથી વ્યાજે રૂપીયા લઈને અન્ય ૬ વ્યકિતઓને આપ્યા હતા. ત્યારે છેલ્લા છ માસથી વ્યાજના રૂપીયાની કડક ઉઘરાણી થઈ રહી હતી, જયારે બીજી તરફ આપેલા રૂપીયા આવતા ન હતા. જેને પગલે મૃતક ટેન્શનમાં દિવસો પસાર કરી રહ્યા હતા. તેવા સમયે વ્યાજે રૂપીયા આપેલા વ્યકિતઓએ કાર પણ લઈ લીધી હતી અને ઘર ખાલી કરી દેવાની ધમકી ઉચ્ચારતા વ્યથિત નાગરીકે આપઘાત કરી જીવનલીલા સંકેલી લીધી હતી.

મળતી માહિતી મુજબ કોલવડા ગામના આપઘાત કેસમાં તેમના દિકરા યુવરાજસિંહ વાઘેલા (ઉં.૨૦) એ નોંધાવેલી ફરીયાદ મુજબ મૃતક વ્યકિતએ ગામના રણજીતસિંહ ગાંડાજી વાઘેલા પાસેથી વર્ષ ૨૦૧૮માં ૪ ટકાના વ્યાજે રૂ.૧૭.૭૫ લાખ લીધા હતા. જેનું વ્યાજ મહિને રૂ.૭૧ હજાર તેઓ આપતા હતા.

જયારે ઓગણજના પ્રભાતસિંહ પોપટસિંહ વાઘેલા ઉર્ફે ટીનાભાઈ પાસેથી વર્ષ ૨૦૧૮માં બે ટકાના વ્યાજે રૂ.૪૫ લાખ લીધા હતા. જેનું તેઓ મહિને રૂ.૯૦ હજાર વ્યાજ ચુકવી રહ્યા હતા. જયારે મૃતક વ્યકિતએ નાણા આપ્યા હતા તેમાં કોલવડાના સંજય નટવરલાલ પ્રજાપતિને રૂ. ૬૫ લાખ આપ્યા હતા. જયારે માણસા તાલુકાના વ્યાસ પાલડી ગામના કનુજી રતુજી વિહોલને રૂ.૨૪ લાખ, મહેસાણના ચરાડુ ગામના જીવણજી ભીખાજી ઠાકોરનો રૂ.૪.૫૦ લાખ, જય વિનોદચંદ્ર શાહને રૂ.૪ લાખ આપ્યા હતા. જયારે રાંધેજાના સાગર દિનેશભાઈ સુથાર ને રૂ.૧૦ લાખ તેમજ રોનક કોઠારીને રૂ.૪ લાખ આપ્યા હતા.

જેથી ૬ નાગરીકોને આપેલા એક કરોડથી વધુ રકમનું વ્યાજ ટાઈમસર મળી રહ્યું ન હતું. જયારે બીજીતરફ મૃતક યુવાન પાસે પૈસાની સતત ઉઘરાણી થઈ રહી હતી. ત્યારે કોરોના વૈશ્વિક મહામારીને પગલે રૂપીયા આવી ન શકતા તેઓ ઉઘરાણીવાળાને પણ સમય મુજબ આપી ન શકતા તેમના પર વ્યાજની રકમનો ભાર વધી રહ્યો હતો. જેથી તેઓ છેલ્લા ૬ માસથી તેઓ તણાવમાં રહેતા હોવાનું ફરીયાદીનો દાવો છે. ફરીયાદીના દાવા પ્રમાણે મંગળવારના રોજ સવારે ગામના રણજીતસિંહ વાઘેલાએ માંડવી ચોક ખાતે પોતાની દુકાન પર મૃતકને બે કલાક બેસાડી રાખ્યા હતા. ત્યારપછી બપોરે ઘરે આવીને મૃતકની આઈ-૨૦ કાર રણજીતસિંહ લઈ ગયા હતા. વ્યાજખોર તત્વોએ ઘર ખાલી કરાવવા મુદ્દે પણ જણાવ્યું હતું. જેથી કોલવડાના નાગરીકે ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતકના પાકીટમાંથી એક ચિઠી મળી આવી હતી, જેમાં રૂપીયા આપનાર અને લેનાર તમામના નામ લખ્યા છે અનો પોતાના મૃત્યું માટે જવાબદાર ઠેરવ્યા હોવાનું સામે આવ્યું છે.




આંતરરાષ્ટ્રીય પાસ્ટ પ્રેસીડેન્ટ લાયન શ્રી રોહિતભાઈ મહેતાનું નિધન થતાં લાયન્સ કલબ સાઉથ તથા લાયન્સ કલબ હેરીટેજ દ્વારા વિશેષ શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે એચઆઈવી પોઝીટીવ બાળકોને ખાસ કીટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઝોન ચેરમેન સુનિલભાઈ ત્રિવેદી તેમજ હરીશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# સીમ્સ હોસ્પિટલમાં ૧૧મુ હાર્ટ ટ્રાન્સ પ્લાન્ટ

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની પ્રમાણમાં અઘરી ગણાય તેવી કામગીરી સીમ્સ હોસ્પિટલ ખાતે થઈ રહી છે. સીમ્સ હોસ્પિટલમાં સતત ૧૧મા દર્દી પણ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનું સફળ ઓપરેશન કરવામાં આવ્યુ હતુ.

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે સીમ્સ હોસ્પિટલમાં ખુબ જ સારી કામગીરી થઈ રહી છે. દર્દીઓના જીવ બચાવવાની આ કપરી કામગીરીમાં હોસ્પિટલના નિષ્ણાત તબીબો અને પેરામેડીકલ સ્ટાફ ખંતપૂર્વક કામગીરી કરી રહ્યો છે. આજે સતત ૧૧મુ સફળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ૨૨ વર્ષના યુવકના શરીરમાં કરવામાં આવ્યુ હતુ. સુરેન્દ્રનગરના ૧૯ વર્ષીય આરટીઆઈ એક્ટીવિસ્ટ બ્રેઈનડેડ જાહેર થયા હતા. તેઓ આઈકેડી હોસ્પિટલમાં દાખલ હતા. જે યુવકમાં હાર્ટનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યુ તે યુવકનું હૃદય માત્ર ૧૦ થી ૧૫ ટકા જ કાર્ય કરતુ હોવાથી હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની જરૂરીયાત ઉભી થઈ હતી. ટ્રાફિક પોલીસના સહયોગથી આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થતા યુવકને નવજીવન મળ્યુ છે.



લાયોનેસ કલબ દ્વારા પરમેનન્ટ પ્રોજેકટ અંતર્ગત જરૂરિયાતમંદોને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. બોરીજ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલ, અગ્રણીઓ હંસાબા ધાધલ, વૈશાલીબેન જોષી, ડિમ્પલબેન દેસાઈ, મિત્તલ રાણા, ઈલાબેન જોષી અને સ્વાતિબેન ગોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# અંતે ગાંધીનગર શહેરના અસરગ્રસ્ત મિલકત ધારકોને મિલકત કાર્ડ મળશે

ગાંધીનગર તા. ૧૮
ગાંધીનગર શહેર વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, બોરીજ, આદિવાડા, ફતેપુરા, ધોળાકુવા, પાલજ અને બાસણ ગામોના ગ્રામજનોને રહેણાંકની મિલકતો પૈકીની કેટલીક મિલકતો વર્ષોથી જે તે મિલકતધારકોના કબજા વાળી અને કોઈ વાંધા વિવાદ વગરની હોવા છતાં તેના માલિકી હકના જટિલ પ્રશ્નો વર્ષોથી અનિર્ણિત હતા આ પ્રશ્નોના ઉકેલ માટે ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મંડળ અને સાત ગામના આગેવાનો લાંબા સમયથી સતત જિલ્લા કલેકટરને મળી લેખિત તેમજ મૌખિક રજૂઆત કરતા હતા. જિલ્લા કલેકટર દ્વારા આ પ્રશ્નોનો ગહન અભ્યાસ કરી તમામ બાબતો પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ આ ગામોના મિલકત ધારકોના ભોગવતા ધારકો માટે અને ગામ રેકોર્ડમાં નોંધાયેલા મિલકત ધારકો માટે પરિપત્ર જાહેર કર્યો છે જેમાં હક્ક ચોકસી અધિકારી અને મિલકત ધારકોના ભોગવટા ધારકોએ કેવી પદ્ધતિથી અને કેવા પ્રકારના પુરાવા રજૂ કરવાથી મિલકત કાર્ડ પ્રાપ્ત થઈ શકે છે તેની વિગતવાર સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે જેના પગલે અસરગ્રસ્ત મિલકત ધારકોમાં હર્ષ અને આનંદની લાગણી વ્યાપી છે. આ પરિપત્રથી નવી રીતે ગામોના મિલકત ધારકોને મિલકત કાર્ડ મળી શકશે અને મિલકત કાર્ડ આધારે તેઓ બેંક લોન લેવી હોય કે કોર્ટ કચેરી અથવા પોલીસ ખાતામાં જામીનગીરી કે સોલવંસી સર્ટિફિકેટ વગેરે કાર્યવાહી કરી શકશે.

જિલ્લા કલેકટરના આ માનવતાવાદી ન્યાય અને ઐતિહાસિક નિર્ણય અંગે ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા હોદ્દેદારો પ્રમુખ ભરતસિંહ બિહોલા, ઉપપ્રમુખ ચંદુજી ઠાકોર, મહામંત્રી બી એલ ઠાકોર ઉપરાંત ભગાજી ચાવડા ભરતભાઈ દીક્ષિત ભી ખુશી બિહોલા મનુજી ઠાકોર અમરસિંહ વાઘેલા અને સાથે ગામના અગ્રણીઓ તથા ગ્રામજનોએ જિલ્લા કલેકટર કુલદીપ આર્યનો આભાર માન્યો છે અને પરિપત્ર અનુસારની કાર્યવાહી ઝડપથી પૂરી કરવા વિનંતી કરી છે.



## કેનાલમાં ડુબતી મહિલાનો ફાયર બ્રિગેડના જવાનોએ જીવ બચાવ્યો

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવેલી અંબાપુર નર્મદા કેનાલ ખાતે સાંજના સુમારે એક મહિલાએ કેનાલમાં કુદકો માર્યો હતો. આ સમયે રાહદારીની નજર પડતા તેણે તાત્કાલીક નજીકમાં રહેલા ફાયરના જવાનોને જાણ કરી હતી. જેને પગલે એકપણનો પણ વિલંબ કર્યા વિના ફાયર મેન હિતેન્દ્ર ડામોર અને તાલિમાર્થી સચિન ચૌધરીએ તાત્કાલીક કેનાલમાં કુદી પડીને ડુબી રહેલી મહિલાનો જીવ બચાવી લીધો હતો. બનાવ અંગે મહિલાને નાગરીકોએ પુછતા તેણીએ ડિપ્રેશનમાં હોવાની વાત જણાવી હતી. જયારે કેનાલ પર હાજર સૌ કોઈ નાગરીકે ફાયરના જવાનોની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. જેને અનુલક્ષી સ્થાનિકોએ મહિલાના પતિ અને પોલીસને જાણ કરી હતી. મળતી વિગત મુજબ ૪૧ વર્ષિય મહિલા સરગાસણ વિસ્તારમાં વસવાટ કરે છે.

# પોલીસે બાળકોને ઉઠાવી જતી ગેંગનો પર્દાફાશ કર્યો હોવાના દાવાને પગલે નગરજનોમાં છુપો રોષ

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર શહેરના સેકટર-૫ સી ના નાગરીકોએ બાળકોને ઉઠાવવાના પ્રયાસ સાથેના ત્રણ અલગ અલગ કિસ્સા સાથે પોલીસ મથકે અરજી કરી હતી. ત્યારે પાટનગરની પોલીસે ત્રણમાંથી એક જ બનાવમાં તપાસ કરીને અપહરણનો પ્રયાસ ન હોવાનું જાહેર કર્યું છે તેમ સ્થાનિક નાગરીકોનું માનવું છે. પોલીસે બાળકોને ઉઠાવી જતી ગેંગનો પર્દાફાશ કર્યો હોવાના દાવાને પગલે નગરજનોમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું હતું કે સેકટર-૫ સી ના નાગરીકો દ્વારા મળેલી રજુઆતને ધ્યાને લઈ રાત દિવસ સતત પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું. ટેકનીકલ ચકાસણીના આધારે પોલીસે પ્લેટીના બાઈક માલિકની પુછપરછ કરી હતી. ગત તા.૧૩ ના રોજ બપોરના ૩ થી ૪ વાગ્યાના અરસામાં તેઓ મકાન ભાડે રાખવા માટે આવ્યા હતા.તે સમયે મકાનનું સરનામુ પુછવા માટે અરજદાર નરેશ ગઢવીના પુત્ર જે બહાર ઉભા હતા તેને મોટા માતાજીનો ચોક અંગે પુછપરછ કરી હતી. આ અંગે ગઢવીને બોલાવી સાચી હકીકતથી વાકેફ કરીને બાળકો ઉઠાવવાનો કોઈ બનાવ બનવા પામેલ નથી જેની સાચી ખરાઈ તપાસ કરવામાં આવેલ છે.

જો કે સેકટર-૫ ના નાગરીકોએ કરેલી અરજીમાં રામનિવાસ રામચંદ્રન મિસ્ત્રીના ઘર પાસેથી સફેદ બાઈક પર આવેલા યુવાને બેબીને ખેંચી હતી. પંરતુ તેમના ૧૨ વર્ષના દિકરાએ બાળકીને પકડી રાખી હતી અને બુમો પાડતા યુવકો ભાગી ગયા હતા. જયારે બીજા બનાવમાં ૧૦ વર્ષની દિકરી ઘર પાસે આવેલી દુકાનમાંથી ચીજવસ્તુ લઈને ઘર પાસે આવી રહી હતી તે દરમિયાન જ બાઈક ચાલકે દિકરીને પાછળથી ફ્રોક પકડીને ખેંચ્યું હતું. જેથી બાળકીએ બુમાબુમ કરતા પાડોશી નરેશભાઈ દોડી આવ્યા હતા. જેને પગલે સફેદ કલરનું બાઈક લઈને આવેલા યુવક ભાગી ગયા હતા. તે બનાવ અંગે કોઈ સત્ય હકીકત બહાર આવી નથી. ત્યારે સેકટર-૫ ની ઘટના અંગે હજુ કેટલાક પ્રશ્નો વણઉકલ્યા છે જેને પગલે નાગરીકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## લેકાવાડાના વહાણવટી માતાજીના મંદિરમાંથી આભુષણોની ચોરી

ગાંધીનગર સાબરમતિ નદીના કિનારે આવેલા લેકાવાડા ગામના વહાણવટી માતાજીના મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ચોર ઈસમોએ મંદિરમાં પ્રવેશી માતાજીની ચાંદીનું છત્તર અને પગલા મળી કુલ રૂ. ૪૮ હજાર મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. લેકાવાડા ગામના અંબિકાનગર ખાતે રહેતા જીલુસિંહ જગતસિંહ વાઘેલા વહાણવટી માતાજી મંદિરની છેલ્લા બે દાયકાથી પૂજા-અર્ચના કરે છે. ૮ સપ્ટેમ્બરના રોજ તેઓ મંદિરની સાફસફાઈ કરીને ઘરે આવ્યા હતા. ત્યારબાદ સાંજના ચાર વાગ્યાના અરસામાં તેઓ મંદિર ગયા હતા. ત્યારે જોયું તો માતાજીના મઢનો દરવાજો ખુલ્લો હતો. તેઓએ અંદર જઈને તપાસ કરી તો માતાજીના ફોટા પર ચઢાવેલું ચાંદીનું ૫૦૦ ગ્રામ વજનનું છત્તર અને ચાંદીના ૩૦૦ ગ્રામ વજનના પગલા ગાયબ હતા.

## જિલ્લામાં ૨૩મી સુધી છુટો છવાયો હળવાથી મધ્યમ વરસાદ થશે

ગાંધીનગર જિલ્લામાં ૧૯ થી ૨૩ દરમ્યાન છુટા છવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવનાઓ કૃષિ યુનિ. દાંતીવાડાના હવામાન-પૂર્વાનુમાન તેમજ કૃષિ સલાહ બુલેટીનના નવા અંકમાં જણાવાયુ છે. બુલેટીનના અંક નં. ૪૯ માં જણાવ્યાનુસાર આગામી પાંચ દિવસ આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને જિલ્લામાં છુટા છવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. મહત્તમ તાપમાન ૩૧-૩૩ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૯ થી ૮૫ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.